બિનખેતી વિષયક અથવા સિંચાઈ સિવાયના
અન્ય હેતુઓ માટે જળાશયો, નહેરો,
પાતાળકૂવા, નોટીફાઈડ નદીઓ તથા
નાળામાંથી પાણી પૂરું પાડવા અંગેના દરો.

---

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,
ઠરાવ ક્રમાંક:ડબલ્યુટીઆર-૧૦૯૬-૭૫-પી.
સચિવાલય, ગાંધીનગર.
તા.૧-૫-૧૯૯૭.

સંદર્ભ :- જળસંપત્તિ વિભાગનો ઠરાવ ક્રમાંક:ડબલ્યુટીઆર-૧૦૮૮-૫-પી,
તા.૨૨-૫-૧૯૯૦.

સંદર્ભ હેઠળના ઠરાવથી બિનખેતી વિષયક અથવા સિંચાઈ સિવાયના અન્ય હેતુઓ માટે સિંચાઈ જળાશયો, નહેરો, પાતાળકૂવા, નોટીફાઈડ નદીઓ, નાળા વગેરેમાંથી આપવામાં આવતા પાણીના દરો તા.૧-૪-૯૦થી અમલમાં આવે તે રીતે નક્કી કર્યા હતા. પાણીના આ દરો હાલના તબક્કે ઘણા ઓછા હોઈ, સરકારની તિજોરી ઉપર ઘણો મોટો નાણાકીય બોજ વધેલ છે તથા પાણીનો સંગ્રહ કરવા જળાશયો/તળાવોના બાંધકામ પાછળ તથા વિતરણ અને મરામત પાછળ વધતા જતા ખર્ચને જોતાં સદર ઠરાવથી બિનખેતી વિષયક હેતુઓ માટે આપવામાં આવતા પાણીના દરોના માળખાની પુનઃવિચારણા કરવાનો પ્રશ્ન સરકારશ્રીની વિચારણા હેઠળ હતો.

// ઠ રા વ //

ઉપરોક્ત બાબતે તમામ પાસાની કાળજીભરી વિચારણાને અંતે બિનખેતી વિષયક અથવા સિંચાઈ સિવાયના અન્ય હેતુઓ માટે જળાશયો, નહેરો, પાતાળકૂવા, નોટીફાઈડ નદીઓ તથા નાળામાંથી પાણી પૂરું પાડવાના તેમજ અન્ય ઉદ્યોગોને અપાતા પાણીના દરો નીચે દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવે છે.

| વિગત | દર ૧૦૦૦ (એક હજાર) લીટરદીઠ રુપિયા | | |
|---|---|---|---|
| | પીવાના હેતુ માટે | ઉદ્યોગો માટે | |
| | | જી.આઈ.ડી.સી. ઔદ્યોગિક વસાહતો. | અન્ય ઉદ્યોગો. |
| ૧. આરક્ષિત કરાવેલ જથ્થા ઉપર લેવાનો ફીક્સ્ડ વૉટર રેટ (સ્થાયી દર) | ૦.૨૦ | ૧.૨૫ | ૨.૫૦ |
| ૨. પાણીના ખરેખર ઉપાડ માટેનો સામાન્ય દર. | ૦.૩૦ | ૨.૦૦ | ૪.૦૦ |
| કુલ.... | ૦.૫૦ | ૩.૨૫ | ૬.૫૦ |

૧. ઉપર જણાવેલ પાણીના દર તા.૧-૪-૯૭થી અમલમાં આવશે. પાણીના ખરેખર ઉપાડના સામાન્ય દર તા.૧-૪-૯૭થી અમલમાં આવશે, પરંતુ આરક્ષિત કરાવેલ જથ્થા ઉપર લેવાના થતા સ્થાયી દર વસુલ કરતાં પહેલાં આરક્ષિત કરેલ જથ્થાનો પુનઃવિચારણા કરવા માટે વપરાશકારોને તા.૧-૬-૯૭ સુધીની સમયમર્યાદા આપવામાં આવે છે. જો આ સમયગાળા દરમ્યાન કોઈ ફેરફાર નહિ કરાવવામાં આવે તો પાણીના હાલના આરક્ષિત કરાવેલ જથ્થા ઉપર લેવાનો સ્થાયી દર તા.૧-૪-૯૭થી જ આકારવામાં આવશે. અન્યથા આમાં જો કોઈ ફેરફાર વપરાશકાર ધ્વારા કરાવવામાં આવશે તો તા.૧-૪-૯૭થી ૩૧-૫-૯૭ સુધીના હાલના જથ્થા પ્રમાણે અને તા.૧-૬-૯૭ થી નવા સુધારેલ જથ્થા પ્રમાણે સ્થાયી દર આકારવામાં આવશે.

૨. આ દરોનું માળખું અમલમાં આવતાં સંદર્ભ હેઠળનો ઠરાવ આથી રદ ગણાશે.

૩. સંસ્થા અને ઉદ્યોગો માટે સરકારશ્રી તરફથી મંજુર કરાયેલ તમામ જથ્થા ઉપર સ્થાયી દરો લેવાના રહેશે. ઓછામાં ઓછા પાંચ વર્ષના સમયગાળા માટે સંબંધિત ઉદ્યોગોએ આરક્ષિત જથ્થો મંજુર કરાવવાનો રહેશે.

૪. આ દરો જળાશય/તળાવ/નદી માંથી જે તે સંસ્થા ધ્વારા તેના ખર્ચે લેવાના જથ્થા માટે જ છે./જો પાણી ઉદ્વહન કરીને પાઈપલાઈન અથવા નહેર મારફતે વહન કરીને શુધ્ધિકરણ પછી વપરાશકારની જરુરિયાતવાળા સ્થળે પહોંચતું

કરવાનું હોય તો તેનો ચાર્જ ઉપર પત્રકમાં જણાવેલ દરો ઉપરાંત વધારાનો ખરેખર ખર્ચ ધ્યાનમાં લઈ અલગ રીતે નક્કી કરવાનો રહેશે.

૫. સ્થાનિક સ્વરાજયનાં સંસ્થાઓ- ગ્રામ પંચાયત, નગરપંચાયત, નગરપાલિકા, મહાનગરપાલિકા, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ વગેરેને આ વિભાગ ધ્વારા પૂરા પડાતા પાણીમાંથી જો ઉદ્યોગોને પાણી અપાતું હોય તો તેનો ઉદ્યોગ પાસેથી લેવાનો ચાર્જ જે તે સંસ્થાએ સરકાર વતી વસુલ કરી સરકારની તિજોરીમાં જમા કરાવવાનો રહેશે. તેમજ તેની માહિતી તેઓએ અલગથી આપવાની રહેશે.

૬. પાણીના માપો ચોકસાઈથી લેવાય અને તેની પૂરી ચકાસણી અને આકારણી થાય તથા તેના સમયસર બીલો બનાવી સંબંધિતોને પહોંચાડી નિયમિત વસુલાત થાય તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રીની રહેશે.

૭. બિલ બનાવતી વખતે જળાશયમાંથી છોડવામાં/ઉપાડયામાં આવતા પાણીના જથ્થાની માપણી અને આકારણી કરવાની રહેશે. વપરાશકાર સંસ્થા કે ઉદ્યોગને મળેલ પાણીના જથ્થાની નહિ.

૮. આ દરો મુજબ સ્થાયી પાણીનો દર અને ખરેખર ઉપાડના સામાન્ય દરો અલગ અલગ આકારવાના રહેશે.

૯. આ ઠરાવ મુજબના દરો જળાશય કે નદીમાંથી પાણી ઉપાડવાના દરો છે. તેથી જે સંસ્થા કે ઉદ્યોગ નહેર ધ્વારા પાણી લેનાર હોય તે માટે સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીએ આ ઠરાવના દરો ઉપરાંત નહેરો/સ્ટ્રકચર્સ વગેરે માટે જે કંઈ ખર્ચ કરવો પડે તેના સંદર્ભમાં વધારાના દરની આકારણી કરી તેની મંજુરી સરકારશ્રી પાસેથી મેળવવાની રહેશે. અને આ ખર્ચનો આગોતરી વસુલાત કર્યા બાદ પાણી આપવામાં આવશે.

૧૦. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, જી.આઈ.ડી.સી., ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ કે અન્ય વ્યકિતગત વપરાશકારો તેમના પીવાના પાણીના જથ્થામાંથી ઉદ્યોગોને કે ઔદ્યોગિક વપરાશ માટેના મંજુર કરાયેલ જથ્થામાંથી પીવાના હેતુ માટે અન્ય કોઈને સરકારશ્રીની મંજુરી સિવાય પાણી આપી શકશે નહિ. જો સરકારશ્રીના મંજુરી બાદ તેમ કરાયું હશે તો પણ સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીએ તે મુજબના માહિતી મેળવી સરકારશ્રીને મોકલીને તે મુજબના દરોની વસુલાત કરી સરકારશ્રીમાં જમા કરાવવાના રહેશે.

૧૧. આ ઠરાવમાં જણાવેલ હેતુઓ માટે અપાતા પાણીના દરો ઉપર ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ લોકલ સેસ લેવાનો રહેશે નહિ.

૧૨. અગાઉના જાહેર બાંધકામ વિભાગના પત્રક્રમાંક: ડબલ્યુટીઆર-૧૦૭૪-૯-પી તા.૧-૧૦-૭૫ થી અપાયેલ માર્ગદર્શક સૂચનાઓ આ ઠરાવના દરોને બાધક ગણાશે નહિ.

૧૩. પાણીના બીલની લેણી રકમ છ માસમાં ભરપાઈ નહિ થાય તો પાણી આપવાનું બંધ કરવામાં આવશે.

૧૪. જે વ્યકિતગત કિસ્સાઓમાં નકકી કરેલ હયાત પાણીના દર આ ઠરાવના દરો કરતાં ઓછા હશે તેવા તમામ કિસ્સાઓમાં સુધારેલ દરો લાગુ પડશે. પરંતુ જે વ્યકિતગત કિસ્સાઓમાં નકકી કરેલ હયાત દરો આ ઠરાવના દરો કરતાં વધારે હશે તેવા જૂના દરો તેની સમયમર્યાદા પ્રમાણે વધારવાના થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

૧૫. વપરાશકારોને અપાતા પાણી માટેના નિયત દરો પ્રમાણે એક માસની જરુરિયાતવાળા પાણી માટેની રકમ પ્રત્યેક માસની દશમી તારીખ પહેલાં અગોતરી વસુલ લેવાની રહેશે.

૧૬. અપાયેલ પાણી માટે બીલની તારીખથી ત્રણ માસમાં નાણા નહિ ભરાય તો ૨૪ (ચોવીસ) ટકા વ્યાજ અને ૧(એક) ટકો સર્વિસચાર્જ વસુલ લેવામાં આવશે.

૧૭. બિનઅધિકૃત કે પરવાનગી વગર પાણી લેવામાં આવ્યું હશે તેવા તમામ કિસ્સાઓમાં સામાન્ય દરો કરતાં દોઢા દરે વસુલાત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૮-૩-૯૭ના રોજ મળેલ સંમતિને આધારે કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એન.ખજાનચી)
ખાસ ફરજ પરના અધિકારી (સિં.વ.)
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

પ્રતિ

(૧) નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી,

(૨) માનનીય મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,

(૩) તમામ માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,

(૪) તમામ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,

(૫) તમામ માનનીય નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,

(૬) માનનીય વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

(૭) સચિવાલયના તમામ વિભાગો,

(૮) વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૯) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

(૧૦) વિસ્તાર વિકાસ કમિશનરશ્રી, સુરત/અમદાવાદ/રાજકોટ.

(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ, ગાંધીનગર.

(૧૨) નિયામકશ્રી, વોટર એન્ડ લેન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયૂટ, આણંદ.

(૧૩) નિયામકશ્રી, ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.

(૧૪) ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, પાલડી, અમદાવાદ.

(૧૫) નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.

(૧૬) મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ,
અમદાવાદ/રાજકોટ/સુરત/વડોદરા/જામનગર/ભાવનગર.

(૧૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
સેકટર-૨૧, ગાંધીનગર.

(૧૮) સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટરવ્યવસ્થા બોર્ડ,
સેકટર-૧૬, ગાંધીનગર.

(૧૯) માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
(બહોળી પ્રસિધ્ધિ માટે)

(૨૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.
બ્લોક નં.૧૨, સચિવાલય, ગાંધીનગર.

(૨૧) ઉદ્યોગ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ઉદ્યોગ ભવન,
સેકટર-૧૧, ગાંધીનગર.

(૨૨) નર્મદા અને જળસંપત્તિ વિભાગના તમામ અધીક્ષક ઈજનેરશ્રીઓ,
(પંચાયત વર્તુળ સહિત)

(૨૩) નર્મદા અને જળસંપત્તિ વિભાગના તમામ કાર્યપાલક ઈજનેરશ્રીઓ,
(પંચાયત વર્તુળ સહિત)

(૨૪) તમામ કલેકટરશ્રીઓ,

(૨૫) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,

(૨૬) નર્મદા અને જળસંપત્તિ વિભાગની તમામ પ્રોજેકટ શાખાઓ/નાણા શાખાઓ.

(૨૭) નર્મદા અને જળસંપત્તિ વિભાગ હેઠળના તમામ તાંત્રિક અધિકારીશ્રીઓ.

---